## સ્તવન

આજ મારે મંદિરે પધારિયા રે લાલ,
વિદેહી શ્રી પ્રભુ દેવ રે,
પ્રતિષ્ઠાદિન દીસે આજનો રે લાલ. ૧

અમ રંકને પ્રભુ પાવન કર્યા રે લાલ;
ઉન્નત કર્યાં અમ કાજ રે. પ્રતિષ્ઠા૦ ૨

સમવસરણ સાથે લઈ રે લાલ,
સાથે રાખ્યા કુંદકુંદદેવ રે. પ્રતિષ્ઠા૦ ૩

એવા પગરણથી પ્રભુ ચાલિયા રે લાલ;
સ્થિરવાસ કર્યો અમ સ્થાન રે. પ્રતિષ્ઠા૦ ૪

હે નાથ! તારી અમૃત દષ્ટિથી રે લાલ;
મારો આતમ ઉલસિત થાય રે. પ્રતિષ્ઠા૦ ૫

પંચ કલ્યાણિક મહોત્સવ થયા રે લાલ;
ગુરુજી-કમકમળે મહા પ્રતિષ્ઠા થાય રે. પ્રતિષ્ઠા૦ ૬

દમીશ્વર યોગીશ્વર નાથ છો રે લાલ;
જિનેંદ્ર જગનાથ ભગવાન રે. પ્રતિષ્ઠા૦ ૭

યોગીશ્વર અર્ચિત પ્રભુ પૂજ્ય છો રે લાલ;
દેવેંદ્ર નરેંદ્ર પૂજ્ય નાથ રે. પ્રતિષ્ઠા૦ ૮

સમવસરણ સ્વામી બ્રહ્મેશ્વરા રે લાલ;
ગણાધિપતિ ગુણાકર દેવ રે. પ્રતિષ્ઠા૦ ૯

સત ઉદય અમ પુરમાં રે લાલ;
સદા સૌખ્ય દેવ ગુરુ શાસ્ત્ર રે. પ્રતિષ્ઠા૦ ૧૦

❐

## શ્રી વીશ વિહરમાન જિન-સ્તવન

(વીરકુંવરની વાતડી કેને કહિયે-રાગ)

વિચરંતા વીશ જિનને વંદું ભાવે,
હાંરે એ તો સાક્ષાત જિનવર બિરાજે;
હાંરે એ તો અમીરસ ફૂલડાં વરસાવે,
હાંરે ઝટ દેખું જિનવૃંદ.....વિચરંતા. ૧

ધન્ય વિદેહના માનવી ચરણ સેવે,
હાંરે ગગને ઈંદ્રોનાં ટોળાં ઉભરાયે;
હાંરે અહોનિશ આનંદ મંગળ વરતાવે,
હાંરે વીતરાગી જયકાર....વિચરંતા. ૨

પાંચ વિદેહની અદ્‌ભુત એવી શોભા,
હાંરે જીહાં વિચરંતા વીશ દેવા;
હાંરે ગણધર મુનિવર કરે જસ સેવા,
હાંરે દેખું ધન્ય એ દૃશ્ય. વિચરંતા. ૩

વિદ્યાચરણ જંઘાચરણનાં ટોળાં ઊતરે,
હાંરે સર્વે મુનિવરો પ્રભુધ્વનિ સુણે;
હાંરે કોઈ કોઈ કેવળજ્ઞાની બની જાવે,
હાંરે કોઈ થાવે સિદ્ધ ભગવંત...વિચરંતા. ૪

## શ્રી જિનવાણી–સ્તવન

(શાંતિ જિનેશ્વર સાચો સાહિબ–રાગ)

મહિમા હૈ અગમ જિનાગમકી, મહિમા હૈ૦ ટેક.
જાહિ સુનત જન ભિન્ન પિછાની,
હમ ચિનમૂરતિ આતમકી. મહિમા૦ ૧
રાગાદિક દુખકારન જાને,
ત્યાગ બુદ્ધિ દીની ભ્રમકી. મહિમા૦
જ્ઞાનજોતિ જાગી ઉર અંતર,
રુચિ બાઢી પુનિ શમદમકી. મહિમા૦ ૨
કર્મબંધકી ભઈ નિર્જરા કારણ પરંપરાક્રમકી. મહિમા૦
ભાગચંદ શિવ લાલચ લાગ્યો,
પહુંચ નહીં હૈ જહં જમકી મહિમા૦ ૩

❒

## શ્રી જિનવાણી–સ્તવન

(આશાવરી–રાગ)

મ્હાકે ઘર જિનધુનિ અબ પ્રગટી, મ્હારે ઘર૦ ટેક.
જાગ્રત દશા ભઈ અબ મેરી, સુપ્ત-દશા વિઘટી;
જગરચના દીસત અબ મોકોં, જૈસી રહંટઘટી. મ્હાકે ઘર૦ ૧
વિભ્રમ-તિમિર-હરન નિજ દૃગકી, જૈસી અંજન વટી;
તાતૈં સ્વાનુભૂતિ પ્રાપતિતૈં, પરપરનતિ સબ હટી. મ્હાકે ઘર૦ ૨

પુણ્ય ઉદય ભારત કા આયા, કુણ્ડલપુરમેં આનંદ છાયા;
હો રહી જય જય કાર પ્રભુ કી જય બોલો. ૨

રાય સિદ્ધારથ રાજદુલારે, ત્રિશલા કી આંખો કે તારે;
તીન લોક મનહર પ્રભુ કી જય બોલો. ૩

ભર જોબન મેં દીક્ષા ધારી, રાજપાટ કો ઠોકર મારી;
કરી તપસ્યા સાર પ્રભુ કી જય બોલો. ૪

તપકર કેવલજ્ઞાન ઉપાયા, જગ કા સબ અન્ધેર મિટાયા;
કીના ધર્મ પ્રચાર પ્રભુ કી જય બોલો. ૫

ભાવ હિંસા કો દૂર હટાયા, સબ કો 'શિવ' મારગ દરશાયા;
કિયા જગત ઉદ્ધાર પ્રભુ કી જય બોલો. ૬

❐

# શ્રી જિન–સ્તવન

(રાગ–કાફી)

ચિંતામન સ્વામી સાંચા સાહિબ મેરા;
શોક હરૈં તિહુંલોકકો ઉઠિ લીજતુ નામ સવેરા.
ચિંતામન૦ (ટેક) ૧

સૂર સમાન ઉદોત હૈ, જગ તેજ પ્રતાપ ઘનેરા;
દેખત મૂરત ભાવસોં, મિટ જાત મિથ્યાત અંધેરા. ચિંતામન૦ ૨

દીનદયાલ નિવારિયે, દુખ સંકટ જોનિ વસેરા;
મોહિ અભયપદ દીજિયે ફિર હોય નહીં ભવફેરા. ચિંતામન. ૩

બિંબ વિરાજત આગરૈ, થિર થાનથયો શુભ વેરા;
ધ્યાન ધરૈ વિનતી કરૈ 'બનારસિ' બંદા તેરા, ચિંતામનસ્વામી૦ ૪

❒

## શ્રી સીમંધર સ્વામી–સ્તવન

(રાગ–કાફી)

સીમંધર સ્વામી, મૈં ચરનનકા ચેરા;
ઈસ અપાર સંસાર મેં કોઈ, અવર ન રચ્છક મેરા. સીમંધર (ટેક)

લખ ચૌરાસી જોનિમેં મૈં; ફિર ફિર કીના ફેરા;
તુમ મહિમા જાની નહીં પ્રભુ, દેખ્યા દુઃખ ઘનેરા.
સીમંધર૦ ૧

ભાગ ઉદયતૈં પાઈયા અબ, કીજૈ નાથ નિવેરા;
બેગિ દયાકરિ દીજિએ મુઝ, અવિચલ-થાન બસેરા.
સીમંધર૦ ૨

નામ લિએ અઘ ના રહૈ જ્યોં, ઉગે ભાન અંધેરા;
'ભૂધર' ચિંતા ક્યા રહી જબ, સમરથ સાહિબ તેરા.
સીમંધર૦ ૩

## શ્રી જિન–સ્તવન

(રાગ–કાફી)

તૂ જિનવર સ્વામી મેરા, મૈં સેવક પ્રભુ હોં તેરા. (ટેક)
તુમ સુમરન વિન મૈં બહુ કીના, નાનાજોનિ-બસેરા;
ભાગ ઉદય તુમ દર્શન પાયો, પાપ ભગ્યો તજિ ખેરા.
તૂ જિનવરા૦ ૧

## આરતી (માનસ્તંભજી)

ભરતે માનસ્તંભજી પધારીયા જીરે.
આવો સહુ આરતિ ઉતારીએ.
મંગળ મહોત્સવ મારે આંગણે જી રે...આવો૦ ૧

સૌરાષ્ટ્ર દેશના સુવર્ણ નગરમાં,
માનસ્તંભ બન્યા છે રળિયામણા જી રે...આવો૦ ૨

રત્નોનાં થાળ ભર્યા લાખ લાખ દિવડે,
આરતી ઉતારૂં મારા નાથની જી રે...આવો૦ ૩

નાથ તારા ચરણોમાં ગણધરો નમી રહ્યા,
મુકુટ ઝુકાવે ઈન્દ્રો ચરણમાં જી રે...આવો૦ ૪

સાક્ષાત્ વિદેહી માનસ્તંભ અહો આંગણે,
મોતીડે વધાવું મારા નાથને જી રે...આવો૦ ૫

વીણા મૃદંગ કરતાલ સૂર ઝાંઝના,
ઝણકાર ગગન માંહી ગૂંજતા જી રે...આવો૦ ૬

ઈન્દ્ર ધરણેન્દ્ર નૃત્ય ગાન કરે ભાવથી,
ઘનનન ઘુઘર માળ ઠમકતી જી રે...આવો૦ ૭

ભરતે અજોડ સંત એક ગુરુ કહાન છે,
સત્ય શાસનને થંભાવીયા જી રે...આવો૦ ૮

## શ્રી સીમંધર જિનની આરતી

સુવર્ણે સીમંધર ભગવાન...આરતી ઉતારું પ્રભુની;
મારા જીવનના સાચા સુકાન...આરતી૦

જ્ઞાન દરશન અનંત ગુણધારી પ્રભુ,
દિસે લોક અલોક એક બિંદુ સમું;

એવી જ્ઞાનજ્યોતિ ઝળકે અગાધ...આરતી૦
મહાવીર્ય ચારિત્ર ગુણ પૂર્ણ અહા,
નાથ આનંદ સાગરમાં મ્હાલી રહ્યા;
પ્રભુ અચળ અખંડ અકંપ...આરતી૦

શાંત શાંત શીતળ દેવ મુદ્રા અહો,
જગે ઝળહળતી જ્ઞાનજ્યોત તારી પ્રભો;
પ્રભુ સાગર સમાન ગંભીર....આરતી૦

## શ્રી સીમંધર જિન આરતી

આરતી ઉતારું હું સીમંધર દેવની;
સીમંધર દેવની સર્વે જિણંદની...આરતી૦

રત્ને જડિત થાળ મણિરત્ન દીવડે,
આરતી ઉતારું હું તો સર્વે જિણંદની...આરતી૦

શ્રેયાંસ કુળચંદ સત્યદેવી જાયા,
વૃષભ લંછન સોહે સીમંધર રાયા;
હરખ ધારીને મેં તો પ્રભુ ગુણ ગાયા,

ભક્તિ ભાવે મેં તો પ્રભુ ગુણ ગાયા...આરતી૦

ઈન્દ્ર નરેન્દ્ર તારી આરતી ઉતારે,
જિનચરણોમાં મુકુટ ઝુકાવે;
નૂપુરના નાદે ઝનનન નાચે...આરતી૦

હે જિનવર તુમ પવિત્ર ચરણથી,
ભરતભૂમિ બની છે ઉજિયારી;
જિનચરણોમાં જાઉં વારી વારી,
વીર શાસન પર જાઉં બલિહારી....આરતી૦